સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

સલામી સવારની..

એ જોતા નથી છતાં, સખણાં રે'તાં નથી સપના!
ખૂલ્લી આંખે, નજર સામે નાચ્યા કરે છે સપનાં!
સપનાં ને આવી છે ઉતાવળ સાકાર થવાની -
ખૂદ તરીને, કેટલાંય ને, ડૂબાડશે સપનાં!!

હાઈકુ

વાતો ના રણે!
બતાવે ખેડૂતોને
આંબા-આંબલી..
(સમિટ-સમેટાઇ)

કરે રોશની,
પ્રભાવ વધારવા -
ઘર બાળીને..
(ખેડૂત ભોગે પ્રચારલીલા)

ચિંતન

આચારઃ કુલમાખ્યાતિ દેશમાખ્યાતિ ભાષણમ્ ।
સંભ્રમઃ સ્નેહમાખ્યાતિ વપુરાખ્યાતિ ભોજનમ્ ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક કહે છે કે માણસની ભાષા-બોલચાલની રીત (મેનર્સ) પરથી તેની સંપૂર્ણ ઓળખ મળી જાય છે. (તેનું કુળ-સ્વભાવ વગેરે) તેનો દેખાવ અને શરીર પરથી તેનું ભોજન-આહારની પણ જાણ થઇ જાય છે.

'મનુષ્યના વર્તન-વ્યવહાર, આચાર-વિચાર પરથી તેનાં કુળ અને જાતિનું જ્ઞાન થઇ જાય છે તેની ભાષા-વાણી પરથી તેના દેશ-નિવાસ-રહેઠાણની ખબર પડી જાય છે-માણસનું વર્તન-હાવભાવ અને સ્નેહ-પ્રેમની અભિવ્યક્તિથી તેને બીજા પ્રત્યે કેવો ભાવ છે તે પ્રકટ થઇ જાય છે, અને વ્યક્તિનું શરીર-બાંધો જોઇ તેના ખોરાકનો પ્રકાર અને માપની ખબર પડે છે.'

જેમ વ્યક્તિની બોલી-ભાષા પરથી તે કયા પ્રદેશનો, કેવા સ્વભાવનો અને કેવો સંસ્કારનો છે એનો અંદાજ આવી જાય છે.

તેમ, વ્યક્તિના આચરણ, બોલવાની રીત હાવભાવથી તેમાં રહેલો હૃદયનો ભાવ-વિચાર પણ જાહેર થઇ જાય છે.

એવી જ રીતે શરીરના દેખાવ પરથી તેના ખોરાકનો માપ અને પ્રકૃતિનો પણ ખ્યાલ આવી જાય છે.

સુવિચાર

- ઘરનાં સભ્યોનો સ્નેહ ડોક્ટરની દવા જેટલો જ અસરકારક હોય છે- **સ્પેનિશ કહેવત**
- મારા જાણવા મુજબ બુદ્ધિવાદી વ્યક્તિ સુખી હોય એવું ભાગ્યે જ જોવા મળે છે- **બર્ટ્રાન્ડ રસેલ**
- ઇતિહાસ રચનારાઓ અને ઇતિહાસ વાંચનારાઓમાં અંતર હોય છે - **જ્ઞાનસૂત્ર**
- તમે પોતે જેવા છો તેવા જ બની રહો... તો તમે જેવા છો તેનાથી વધુ સારા બનવાની દિશામાં આજ પહેલું પગથિયું છે - **દલાઇ લામા**
- સમયનો સ્વભાવ અટકવાનો નથી, માણસ અટકી જતો હોય છે, માણસ ભટકી જતો હોય છે, માણસ ક્યારેક પોતાને જ ખટકી જતો હોય છે - **ધર્મસૂત્ર**
- ઉંમરને આપણે માત્ર શારીરિક રીતે જ માપીએ છીએ. માનસિક ઉંમરને ક્યારેક આપણે જોતાં જ નથી, દરેક જણ સમજણ પૂર્વક વિચારવું જ જોઇએ કે હું છું એટલી મારી માનસિક ઉંમર છે?? - **મુનિ શાંતિસુરિશ્વરજી**
- માણસે વખતોવખત ચેક કરતાં રહેવું જોઇએ કે મારી જિંદગી મારી પાસે, મારી સાથે અને મારા માં તો છે ને?? - **શાન્તિ ભટ્ટ**

બોધ કથા

આજે આપણામાં ધીરજ-શાંતિ-ક્ષમાભાવ તદ્દન ખૂટી ગયાં છે. ઘર-પરિવાર-સમાજ-વ્યવહારમાં દરેકને પોતાને જ કંઇક કહેવાનું હોય છે, ફરિયાદ હોય છે પણ બીજાને શું તકલીફ - કહેવાનું છે એના તો આપણે વિચાર જ કરતાં નથી.

ગૌતમ બુદ્ધ વિહાર કરતાં એક ગામડામાં ગયા. ગ્રામસભામાં સંબોધન કરવાનું હતું. પણ ત્યાંના મહાજન-શ્રેષ્ઠી-નેતાઓન સમાજ અને સંતો પ્રત્યે ખૂબ જ નકારાત્મક વાતો કહેવાની હતી એટલે એક પછી એક સામાજિક જૂથના નેતાઓ પોતાની પ્રતિભા ઉપસાવવા અને બીજાના દોષ જાહેર કરવા ખૂબ જ બોલ્યા... અંતે એક મહાજને ભગવાન બુદ્ધને પૂછ્યું અમે લોકોએ ગામના પ્રશ્નો - સંત અને સમાજ વિશે જે વાત કરી એ બાબત તમારે શું કહેવું છે?

બુદ્ધ કહે - માફ કરજો પણ મેં એમાંનું કંઇ જ સાંભળ્યું નથી હું તો મારા ધ્યાનમાં ડૂબેલો હતો. તમારાં વ્યાખ્યાન તો મારે માટે કેવળ કરૂણામયી-ધ્યાની બનવા માટેની સુંદર તકનો પ્રયોગ જ હતી. દસ વર્ષ પહેલાં મને પણ તમારી જેમ ઘણી ફરિયાદો હતી પણ આજે મને ખ્યાલ આવી ગયો છે કે હવે હું કંઇ પણ ધીરજપૂર્વક સાંભળી તાટસ્થ્ય કેળવી શકું છું. ભગવાન બુદ્ધે ગામ લોકોનો આભાર માની બીજે ગ્રામ પ્રસ્થાન કર્યું.

Email : sureshchandrabhatt18@gmail.com

કૂતરાથી 'સાવધાન' કે 'સાવ-અજાણ'!

વફાદારી ચાલે છે સરસ આજ લગી કૂતરાની
કહે છે યમરાજ પણ રાખે શરમ કૂતરાની

ભૌતિકતાનો વંટોળીયો પવન ભલભલાને વિખેરી નાખે છે તો કૂતરાની શી વિસાત! આધુનિકતાની ભયાનક ભૂતાવળ આગળ માણસની સાથે પશુઓ પણ દફનાવાઇ રહ્યા છે. કોઇ પણ માર્ગ ઉપર કૂતરાની અવદશા મૃતદેહ બનીને પડેલો જોવા મળે છે. કોઇ માનો એકનો એક દીકરો જેમ અપમૃત્યુને પામે તેમ સમાજને જગાડતા, ચોરીથી બચાવવા અને ક્યારેક ભગાડતા રહેલા કૂતરા આમતેમ અકસ્માતે ફંગોળાયેલા પડ્યા હોય છે. એમ થાય કે આધુનિકતાનો લાભ લે છે કેટલાક માનવી પણ તેની તારાજી ભોગવે છે સામાન્ય છે. સામાન્ય પશુ કે માનવી. પણ કૂતરાનો ઇતિહાસ અને પુરાણ છે. તેની પણ વફાદારીની કથાઓ અને પ્રસંગો છે. આજે પણ કૂતરાની દુનિયામાં માણસ સિવાય કોણ છે?

એક સમય હતો કે ગામડાની શેરીમાં પરતા કૂતરોન પણ નામ દઇને બોલાવવામાં આવતો. તેની સાથે પણ લોકોનો ઘરોબો હતો. ઘરમાં બનતી રોટલી પણ ઘર માલિક જેટલો જ શ્વાનનો હક્ક હતો. ગાયનો પહેલો ભાગ અને પછી આવે કૂતરાનો વારો.

માનવ પોતાની આસપાસ કોઇની હાજરી હંમેશા ઇચ્છે છે. તે સમયની દિશાએ વિચાર બદલતો રહ્યો છે. ક્યારેક માનવની કંટાળી એ પશુનો સંગાથ શોધે છે. ક્યારેક બીજા માનવથી ચલાવી લે છે. જૂના સમયમાં રાજાઓ પોતાનો ફોટો કોઇને કોઇ શિકારી જાનવર સાથે પડાવતા હતા. હવે પશુનો શિકાર કરવાની જરૂર અથવા શક્યતા નથી એટલે સાથે કૂતરાને વધુ પસંદ કરે છે.

પશ્ચિમી નેમાડના આદિવાસી ભીલ કૂતરાને પૂજનીય દેવતા માને છે. તે ભીલ કદી કૂતરાના સોગંધ નથી ખાતા. કોઇ ઘટનાની ઉલટ તપાસ સમયે જો તેમને કૂતરાના સોગંધ લેવડાવી લેવામાં આવે તો પછી તે સાચું જ બોલશે. સોનભદ્ર (પંચમઢી) ની શિલાઓમાં કૂતારનું સશક્ત અંકન કરવામાં આવ્યું છે.

જેમાં કૂતરાની સજાગતાપૂર્ણ મુદ્રા, શરીરની સુદૃઢતા સુંદર રીતે કોતરાઇ છે. તાંજોર (તિરૂચિરાપલ્લી) દક્ષિણ ભારતની એક સુંદર ચિત્રકળાના નમૂનામાં વાહન સહિત ભૈરવદાદા જોવા મળે છે. (હકીકતમાં શિવનું જ એક સ્વરૂપ છે) એ જ રીતે ભૈરવ દેવતાના અશુભ કૂતરાઓનું વર્ણન પણ છે, જે સ્મશાનમાં રહે છે અને 'ચાંડાલ કૂતરા' તરીકે ઓળખાય છે.

અકારણ કૂતરા ભસતા અને રોતા હોય છે. તેને દૂષિત દેશ તરીકે ચરકે વર્ણવેલ છે. (... શ્વગણમુદ્ભંવ્યથિત - ચરક સંહિતા ૩-૬-૩)

વફાદારી માટે વખાણાતા કૂતરા માટે ખરગોન જિલ્લાનાં એક વ્યક્તિએ પોતાનું બલિદાન આપી દીધું હતું. વાત એમ બની કે પડોશીની બકરીને સોમલાના કૂતરાએ ઘાયલ કરી. વાત વધી પડી, કૂતરાને મારવા માટે પાડોશીઓ ભેગા થઇ ગયા. ઝઘડાનું સ્વરૂપ મારામારી સુધી પહોંચ્યું. સોમલાએ પોતાના પ્યારા કૂતરા માટે પડોશીને સાથે મારામારી કરી અને ખરાબ રીતે ઘાયલ થઇ મૃત્યું પામ્યો.

વાલ્મિકી રામાયણ (ઉત્તરકાંડ, અધ્યાય ૫૯ પ્રક્ષિપ્ત સર્ગ - ૧-૨) માં એક ઉપાખ્યાનમાં કૂતરાને ઝખમી કરવો એ દંડનીય અપરાધ માનવામાં આવ્યો છે.

કૂતરાને કન્નડભાષામાં નાયિ, તેલુગુમાં કુક્કા અને બંગાળીમાં કુકુર કહેવામાં આવે છે. સંસ્કૃતમાં કૂતરા માટે ૨૭ નામ વિવિધ નિઘંટુ (શબ્દકોશ) માં વાંચવા મળે છે. (અલર્ક, કુક્કુર, કૃતજ્ઞ, કૌલેય, કૌલેયક, ગ્રામમૃગ, ભક્ષણ, ભલ્લૂર, ભષ, ભષક, ભૂસર, ભૂસ્તર, શયાલુ, શરદિકામુક, શુન, શુનક, શૂર, શ્વા, શ્વાનક, સારમેય) કૂતરો બુદ્ધિમાન પ્રાણી છે. પોતાના માલિક પ્રતિ વફાદાર છે. તેની સૂંઘવાની અને સાંભળવાની શક્તિ પ્રખર હોય છે. પશુઓની રક્ષા માટે, શિકાર કરવા અને પોલીસની સહાયતા માટે તેને તાલીમ આપવામાં આવે છે. ભારતીય 'શીપ ડોગ' રક્ષક તરીકે વિખ્યાત છે. સૂંઘીને વિસ્ફોટકોને શોધી કાઢવામાં કૂતરા માહિર હોય છે.

અંતરિક્ષમાં સૌ પ્રથમ પ્રયોગ માટે રશિયાએ 'લાઇકા' નામના કૂતરાને મોકલ્યો હતો. પરંતુ અંતરીક્ષ કક્ષપથમાં જ કેટલાક કલાકો પછી મોટાભાગે અસહ્ય ગરમીને લીધે મૃત્યુ પામ્યો હતો.

અયોધ્યામાં રામલલા પરિસરની વિસ્ફોટકોથી સુરક્ષા માટે હેમા નામની કૂતરીની સેવા લેવામાં આવી હતી. તેની દેખરેખ માટે ચાર જવાનો, રહેવા વિશેષ વ્યવસ્થા, આવવા-જવા માટે ગાડી તૈયાર રાખવામાં આવી હતી. ડિસેમ્બર ૧૯૯૨ થી ડિસેમ્બર ૨૦૦૧ સુધી તેણે આ કાર્ય કર્યું હતું.

જેના ઘરમાં કૂતરાનું હોવું પ્રતિષ્ઠાનું પણ હોવું બની જાય છે. ત્યારે તે કૂતરો પશુમાંથી એક સાથીદાર બની જાય છે. ગ્રેટડેન Great Dane) તાકતવર કૂતરો ગણાય છે. સેન્ટ બનોર્ડ નામનો કૂતરો ૯૦ કિલો સુધીના વજન ધરાવતો હોય છે, છતાં વ્હાલો લાગતો, વિશાળ હૃદયનો, દોસ્તીભર્યો, ભલો અને પારિવારિક હોય છે. બુલ ડોગ નામનો ગલુડિયો જેવો કૂતરો ૩૨.૫ સે.મી.ની ઊંચાઇ ધરાવે છે. જેનું વજન પચીસ કિલો જેટલું હોય છે. ઉપરાંત : ભૂટિયા (તિબ્બત), એલ્સેશિયન (જર્મની), ડલમટિયન (યુગોસ્લાવિયા) પોમેરેનિયન (મૂળ સ્થાન જર્મની), ટેરિઅર (આયરલેન્ડ) વગેરે જાતિઓ કૂતરાઓમાં જોવા મળે છે.

મહાભારતનું યુદ્ધ સમાપ્ત થયા બાદ સ્વર્ગારોહણ જતાં પાંડવોમાં માત્ર યુધિષ્ઠિર અને એક વફાદાર સાથી કૂતરો જ બચે છે. અન્ય સૌ કોઇ મૃત્યુ પામ્યાં. યુધિષ્ઠિરને લેવા દેવરાજ ઇન્દ્ર પધારે છે અને કહે છે કે : 'રાજન્ ! આપને અમરતા, અપાર દોલત, શક્તિ મળી છે અને બીજા અનેક સુખ પ્રાપ્ત થઇ રહ્યા છે, પણ આપ આ કૂતરાને છોડી દો અને સ્વર્ગમાં પધારો.' ત્યારે યુધિષ્ઠિર કહે છે : 'જે ડરેલો હોય, વફાદાર હોય, પોતાની રક્ષા કરવામાં અક્ષમ હોય, દુર્બળ હોય, અને આર્તભાવથી શરણે આવેલ હોય તેને પ્રાણની કિંમતે છોડી ન શકાય.' ઇન્દ્રની અનેક વિનંતીઓનો અસ્વીકાર કરી યુધિષ્ઠિરે ઇન્દ્રની વાત સ્વીકારી નહીં. અંતે ધ્યાનમાં આવે છે કે કૂતરા સ્વરૂપે ભગવાન પોતે યુધિષ્ઠિરની કસોટી લઇ રહ્યા હોય છે.

અંતે એક એવી ઇચ્છા પણ વ્યક્ત કરૂં કે જે દરેકને પોતાની લાગે તેવી છે, તે એટલે, જેમ વિદેશો પાસે પોતાની નસ્લનાં કૂતરાઓ છે તેમ આપણા દેશની પણ કેટલીયે કૂતરાની જાતો છે, પણ તે તરફ સરકાર કે સેવાભાવી સંસ્થાની નજર પડી નથી. ખરેખર તો આપણે પણ તેવી જાતિઓને વૈજ્ઞાનિક પદ્ધતિએ સુધારીને eugelics, તૈયાર કરીને લોકો સુધી લઇ જવી જોઇએ. જેમ કે રબારી કે ભરવાડ જે સતત વિચરતા રહે છે તેમની પાસે બહાદુર મજબૂત જાતિનાં કૂતરાઓ જોવા મળે છે. છેવટે સ્વદેશી તે સ્વદેશી.

ઈન્ફેકશન લાગવાથી આટોન્સીલમાં સોજો આવે તેને કાકડા વધવા કે ટોન્સીલાઈટીસ કહે છે, આયુર્વેદમાં આ રોગને તુન્ડીકેરી કહે છે

કાકડા-ટોન્સીલાઈટીસ
નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

આપણી રોગપ્રતિકારક શક્તિ એ આપણી ઢાલ છે. જેવી ઋતુઓ બદલાય કે અલગ અલગ રોગોના વાયરો આવે. હાલ ડેન્ગ્યુ, ચિકનગુનિયા ચાલે છે. અમુક મહિનાઓ પછી વળી કોઇ બીજો રોગ આવશે, અને રાબેતા મુજબ ઘણા લોકો તેની ઝપટમાં આવશે.

જો આપણે ઝીણવટથી જોઇએ તો ખ્યાલ આવે કે આ એક અવિરત ચક્ર છે. તંત્ર ગમે તેટલી કાળજી રાખે, કોઇને કોઇ રોગોના વાયરાઓ આવે જ છે અને લોકોનો ભોગ લે છે. અહિં તંત્રની જવાબદારી આદિ વાતોને બાજુમાં રાખીએ તો વ્યક્તિગત જવાબદારી આદિ વાતોને બાજુમાં રાખીએ તો વ્યક્તિગત જવાબદારી બહુ મહત્ત્વની બની જાય છે. આપણે ખુદ આપવા સ્વાસ્થ્ય પ્રત્યે એટલા બેદરકાર હોઇએ કે એનકેન પ્રકારેણ આપણી રોગપ્રતિકારક શક્તિ ખોરવાતી જાય અને અંતે રોગો થાય.

આવી બેદરકારી દ્વારા ઉત્પન્ન થતી સર્વસામાન્ય રોગ એટલે કાકકા. આપણા ગળામાં (જીભના મૂળમાં) બંને બાજુએ આવેલ એક એક ગ્રંથિને કાકડા (ટોન્સીલ) કહે છે. ઇન્ફેકશન લાગવાની આટોન્સીલમાં સોજો આવે તેને કાકડા વધવા કે ટોન્સીલાઇટીસ કહે છે. આયુર્વેદમાં આ રોગને તુન્ડીકેરી કહે છે. દુષિત હવામાન, ભેળસેળયુક્ત ખોરાક, શિયાળા - ચોમાસા જેવી ઋતુઓમાં પણ આઇસ્ક્રીમ, ઠંડા પીણા, શ્રીખંડ જેવા ખાદ્યો નો અતિરેખ રોગપ્રતિકારક શક્તિનું હનન કરી આ રોગ ઉત્પન્ન કરે છે. આધુનિક વિજ્ઞાનના મતે અમુક પ્રકારના બેકટેરીયાના ઇન્ફેકશનને કારણે આ રોગ થાય છે, અને એન્ટીબાયોટિક દ્વારા તેની સારવાર થાય છે.



આયુર્વેદ મુજબ આ રોગ મુખ્યત્વે કફ અને રક્ત દોષની વિકૃતિથી થાય છે. કફ અને રક્ત દોષની વિકૃતિથી થાય છે. કફ વિકૃતિ કરે તેવા પદાર્થો લેવાથી કાકડામાં સોજો આવે છે. વળી, આ રોગ બાળકોમાં વધુ પ્રમાણમં જોવા મળે છે. બાળકો જીદ તેમજ અસમજણને કારણે ઋતુમાં અનુકૂળ ન હોય તેવી અતિ ઠંડી વસ્તુઓ ખાવાનો દુરાગ્રહ કરે છે. બાળકોની અણસમજણને કારણે દોષ આપવો ઉચિત નથી પરંતુ તેના માતા-પિતા પણ બાળકોને શાંત પાડવા માટે તેના હઠાગ્રહને વશ થઇ જાય છે. આ ખોટું છે. મા-બાપ બાળકને પ્રેમથી સમજાવીને કે થોડા સમય પુરતો ક્રોધ દાખવીને પણ આ જીદ છોડાવી જ શકે. બાળકને ક્ષણિક ન ગમે પરંતુ બાળકના સ્વાસ્થ્ય સાથે ચેડા થતા અટકશે. જો થેન્સીલાઇટસ થાય તો મહિનાઓ સુધી બાળકને ઠંડા પદાર્થો ખાવાની મનાઇ આવી જાય. આ કરતા સમય સાચવીને સમજદારી પૂર્વક કામ લેવું જરૂરી છે.

ટોન્સીલાઇટીસ થવાની શરીરમાં ખૂબ તાવ, ગળામાં દાહ અને પીડા થાય છે. વ્યક્તિ બોલવામાં સક્ષમ બને છે. ગળાનો માર્ગ સાંકડો થઇ જાય છે. આથી ખાવા-પીવામાં ખૂબ તકલીફ થાય છે. દવા લેતા કાકડાનો સોજો ઉતરે છે. પરંતુ ઘણા કિસ્સામાં કાકડા સંપૂર્ણ સ્વસ્થ થતા નથી. થોડાંક સોજો રહે છે. જે કાળક્રમે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ ઘટાડે છે. શારીરિક ક્રિયાઓ મંદ કરે છે. હાલતા ચાલતા શરદી, ઉધરસ, કફ થઇ જાય છે.

આધુનિક મત મુજબ જોયું તેમ એન્ટી બાયોટીક એ - ટોન્સીલાઇટીસનો ઉપચાર છે. ખૂબ સોજો હોય તેવા કેસમાં સર્જરી વડે કાકડાનું આપરેશન કરવાની સલાહ અપાય છે. કાંકડા શરીરનું એક મહત્ત્વપૂર્ણ અંગ હોવાથી જો ચિકિત્સા દ્વારા તે સાધ્ય થઇ શકતા હોય તે ઓપરેશન ન કરાવવું જોઇએ. આયુર્વેદના કેટલાંક ઉપચારો આમા અસરકારક છે. નીચે વર્ણિત પ્રયોગો વ્યક્તિની પ્રકૃતિ અને બળ મુજબ ચિકિત્સકની સલાહ લઇને કરવા ઉચિત છે.

- મધ, ટંકણ, રસાંજન, ત્રિફળા અને હળદર ને મિક્સ કરી પેસ્ટ જેવું બનાવીને આંગળી કે સળી વડે કાંકડા પર લગાવવું. અથવા ચાટી જવું. - તુલસીના પાન, મરી, હળદર અને મેથીને મિક્સ કરી, દિવસમાં બે વખત લેવા.

- આ ઉપરાંત આયુર્વેદના અનેક યોગો જોવા કે ભારંગ્યાદિ ક્વાથ, વ્યોષાદિ વટી, ત્રિભુવનકિર્તી રસ, સિતોપલાદિ, હરિદ્રાખંડપાક, યષ્ટિ મધુ, બંગભસ્મ, યષદ ભસ્મ, આદિમાંથી પ્રકૃતિ તેમજ બળને અનુકૂળ હોય તેવી ઔષધિઓનો ઉપયોગ કરી શકાય.

બ્રહ્માંડ કરતાં કૌભાંડ શબ્દ મોટો થતો જાય છે, પ્રદૂષણ આજની વૈશ્વિક સમસ્યા છે, વાતાવરણ પ્રદૂષિત થાય તેના ઉપાયો છે, પણ માણસનું મન પ્રદૂષિત થાય તો કઇ ગંગામાં જઇને મનને ધોવું?

સખીને પત્ર
- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

ઇન્ડિયા ટીવી પર દિપક ચૌરસીયાની હાજરીમાં પાંચ-છ જુદા જુદા ક્ષેત્રની વ્યક્તિઓની ડિબેટ ચાલી રહી હતી. જોવાની - સાંભળવાની મજા આવી. ચર્ચા કરવા માટેનો વિષય પણ રસપ્રદ હતો. (જો કે, ચર્ચિત વિષયો રસપ્રદ જ હોય ને?) વિષય હતો. 'શું આસારામને સંત કહી શકાય?' બે-ત્રણ ધર્મગુરૂઓ હતા. બે પત્રકારો, એક વકીલ, એક આસારામજીના ચેલા હતા. ધીરે ધીરે ચર્ચા એટલી ઉગ્ર બની કે દરેકે આવેશમાં આવી એકબીજાની પોલ ખોલવાની ચાલુ કરી દીધી. એક 'ધર્મગુરૂ'? એ બીજાની અખાડા પ્રથા પર પ્રહાર કર્યા તો બીજાએ તેમની બેનામી સંપત્તિઓનું લિસ્ટ આપી દીધું, ત્રીજાએ કોઇ ધર્મગુરૂના ભૂતકાળના કૌભાંડો બયાન કર્યા. કોઇ આસારામના બચાવમાં બોલતાં - બોલતાં. સ્વબચાવ અને પોતાના ઇશ્વરીય તત્ત્વો બતાવવામાં મશગૂલ થઇ ગયા. અને પત્રકારો પાછા શા માટે પડે. આસારામનો પ્રશ્ન બાજુએ મુકીને પ્રિન્ટ મીડિયા અને દૃશ્ય મીડિયાના પત્રકારત્વ અને પત્રકારોની ટી.આર.પી. પાછળ દોડવાની માનસિકતા અંગે સવાલો ઉઠવા લાગ્યાં. આક્ષેપ - પ્રતિઆક્ષેપોની ઘમાચકડી વચ્ચે સત્ય એક જ સમજાયું કે સોનુ કદી કટાતું નથી અને લોખંડ વહેલું મોડું કટાયા વગર રહેતું નથી.

પુસ્તકોને ઉંઇઇ ખાઇ જાય છે. લાકડું પણ ક્યારેક કોરાઇ જાય છે. સમજતાં પર્ણો પીળાં પડી ખરી પડે છે, તેમ માણસ પણ ભાગ્યે જ સચવાઇને નખશિખ 'માણસ' તરીકે હેમખેમ રહેતો હોય છે. બારણાં ગમે તેટલા ચપોચપ ભીડ્યાં હોય પણ કોઇક તિરાડમાંથી માણસને પોતાને પણ ખબર ન પડે તેમ કળીયુગ પ્રવેશી જતો હોય છે. નળાખ્યાનમાં આવે છે કે, સંધ્યા સ્નાન વખતે નળના પગની પાની કોરી રહી ગઇ કે કળીયુગ તેમાં પ્રવેશી ગયો. આપણે તો સાવે ચ કોરાધાકારો છીએ એટલે આપણને આજના માણસને તો કળીયુગ આખેઆખો ગળી જ ગયો છે. એટલે જ આજે સુરેશ દલાલ કહે છે કે તેમ બ્રહ્માંડ કરતાં કૌભાંડ શબ્દ મોટો થતો જાય છે. પ્રદૂષણ આજની વૈશ્વિક સમસ્યા છે. વાતાવરણ પ્રદૂષિત થાય તેના ઉપાયો છે. પણ માણસનું મન પ્રદૂષિત થાય તો કઇ ગંગામાં જઇને મનને ધોવું?

વ્યાપક પણે ચાલતાં ભ્રષ્ટાચારને આપણે 'આ તો બધું આવું જ હોય!' કહીને સ્વીકારી લીધું છે. ટ્રાફિકના નિયમો નો ભંગ હોય કે રેલ્વેની ટિકીટ, બિલ પાસ કરાવવાનું હોય કે લાઇસન્સ કઢાવવાનું હોય, આપણે ખૂબ જ સહજતાથી અને સરળતાથી આપણે કહીએ છીએ કે, 'ઉપરના જે પૈસા થાય પણ અમારૂં કામ સરળતાથી પતે!' કેવી રીતે શરૂ થાય છે આ વિષચક્ર? ઘણાં વખત પહેલાં મારી સ્કૂલમાં શિષ્યવૃત્તિ વહેંચવાની કામગીરી ચાલે. સરકારમાંથી મંજુર થઇને આવેલી આર્થિક સહાયતા વાલીને બોલાવી તેમની સહી લઇને તેમને આપવાની. આ દરેક શાળામાં ચાલતી પ્રક્રિયા છે. અમારા કલાર્ક ઘનશ્યામસિંહ ગોહિલ આ કામ સંભાળે. એક વાર એક વાલીને તેમણે કંઇક રૂા. ૬૫૦ ચૂકવ્યા. વાલીએ તરત જ દસની નોટ કાઢીને સાહેબને આપી. સાહેબે પૂછ્યું કેમ? તો કહે એમ જ. સાહેબ, ચા પીજો.' ઘનશ્યામસિંહે કહ્યું. 'ના, ના મેં રહા હમણાં જ પીધી.' ત્યારે વાલીએ દસની નોટ ધરી રાખી આગ્રહ કર્યો. 'અરે સાહેબ! બીડી પીવાના પૈસા છે રાખી લો! ઘનશ્યામસિંહે ફરી ઇન્કાર કર્યો કે, 'હું બીડી પીતો નથી.' એટલામાં હું ઓફિસમાં પ્રવેશી. મને મામલો સમજાઇ ગયો. મેં તે ભાઇને જણાવ્યું કે આ તમારા હકના પૈસા છે અને પૂરેપૂરા ચૂકવવાની અમારી ફરજ છે. આમાં નવું કશું નથી. પણ એ ભાઇએ દસની નોટ લેવનો આગ્રહ ચાલુ રાખ્યો. છેવટે મારે કડક થઇને તેમને ના પાડી દેવી પડી. તે ભાઇ ખુશીથી અમને કંઇ નજરાણું આપવા માંગતા હતા. બ...સ... આ ખુશીના નજરાણા જ ભ્રષ્ટાચારના વૃક્ષનું બીજ બને છે. લેનારના મનમાં લાલચ જાગે છે અને આપનાર ને તેમાં સરળતા જણાય છે. બાળક નાનું હોય ત્યારથી આના પાઠ આપણે ભણવી છીએ. 'બાબલા! ગોવિંદા જેવો ડાન્સ કરી બતાવ તો ચોકલેટ આપીશ.' 'લેશન પુરી કરીશ તો ફરવા લઇ જઇશ!' 'પહેલો નંબર લાવીશ તો મોબાઇલ લાવી આપીશ.' 'પરીક્ષામાં પાસ થઇશ તો બાઇક....' યાદી ઘણી લાંબી છે. આપણે બાળખને પ્રોત્સાહનના નામે લાંચ લેવાના પેંતરા શીખવાડીએ છીએ.

આજે બે વસ્તુની બોલબાલા છે. સત્તા અને પૈસો. સત્તા અને પૈસો હોય તો બધું મળે એવી માન્યતા છે અને આ બંને મેળવવાના મોહમાંથી જ તો કૌભાંડો આકાર લે છે. હવે લક્ષ્મી વિષ્ણુના પગ તળાંસતી નથી પણ શ્રીમંતોના અને શ્રીમંતો દ્વારા રાજકારણીઓનાં પગ તળાંસે છે અને ભ્રષ્ટાચારનું વિષવૃક્ષ ફુલે છે ફાલે છે. મૂળ વાત એ છે કે, જીવનના મૂલ્યો બદલાઇ ગયા છે. તમારી પાસે બંગલો છે - ગાડી છે - મોટી મિલકતો છે તો તમે ક્યાં રસ્તે તે કમાયા તે બાબત ગૌણ બની જાય છે - તમે કેવા છો? તે તમારી મિલકત જોઇને નક્કી થાય છે. તે સાધન સંપન્ન છે તે પ્રતિષ્ઠિત છે તેથી જ આજના બાળકો, કલાર્ક બાપથી શરમ અનુભવે છે પણ સ્મગલર બાપનું ગૌરવ ધારણ કરે છે.

આપણા જાણીતા નાટ્ય સમીક્ષક અને વાર્તાકાર ઉત્પલ ભાયાણીની એક વાર્તા મેં વાંચી હતી. વાર્તાનું શિર્ષક છે. 'શાક લેવાની ઘટના' વાર્તાનો નાયક છે. રતિલાલ, મધ્યમવર્ગનો માણસ છે. સમાજમાં એનું રતીભાર પણ ઉપજતું નથી. તે નક્કી કરે છે કે 'મોટા' બનવું. તે પ્રથમ વખત લાંચ લેવા નીકળે છે. માત્ર એને જ ખબર છે કે લાંચ મળવાની છે. ઘરની બહાર નીકળયો હોય છે ત્યારે પત્ની તેને પૂછે છે : 'ક્યાં ચાલ્યાં?' રતિલાલે માત્ર એટલો જવાબ આપ્યો : 'શાક લેવા.' લાંચની પ્રવૃત્તિ તો ખાનગી કહેવાય પત્નીને તો શું જાતનેય ન કહેવાની ખાનગી વાત. રતિલાલને થયું કે આવા કામ માટે જઇએ તો ભગવાનના આશીર્વાદ તો લેવા જ પડે. તેની આશિષ વગર કામ ઊંધું પડે. મંદિરના પગથિયે પહોંચ્યા. બહાર ભિખારી બેઠાં હતા. પોતાને પણ આજે કંક તો મળવાનું જ છે તો થોડું ભિખારીને પણ આપી પુણ્ય કેમ ન લેવું? એવું વિચારી થોડું પરચૂરણ ભિખારીને આપ્યું. ગમે તેમ તોય આજે સપરમો દા'ડો કહેવાય. મંદિરમાં પ્રાર્થના કરી : હે ઇશ્વર! મને લાંચ અપાવી. હેમખેમ ઘરભેગો કરી દે જે. પછી રતિલાલ કોઇક મકાનમાં પહોંચી ગયા. ડોરબેલ દબાવી બારણું ખુલ્યું. કોઇ નોકર હતો. નોકરે નામ પુછ્યું. રતિલાલે જવાપ આપ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)